**કપાકરી પ્રસિધ્ધી માટે** **૨૭ એપ્રિલ ૨૦૧૧**

## શ્રી રામ નાઈક, માજી રેલ્વે રાજયપ્રધાન (સ્વતંત્ર પ્રભાર) એ વસઈ ખાતે બુધવાર, ૨૭ એપ્રિલ ના પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

### *દહાણુ - વિરાર - બોરીવલીના ઉપનગરીય મુસાફરોની નાલાસોપારા ખાતે પરિષદ*

**બુધવાર, વસઈ :** પશ્ચિમ રેલ્વે પરના દહાણુ - વિરાર - બોરીવલી પટ્ટાના ઉપનગરીય મુસાફરોના દહાણુ - ચર્ચગેટ લોકલ, વિરાર કારશેડ, દહાણુ - પનવેલ અને દહાણુ - થાણા લોકલ, સર્વ લોકલ ૧૨ ડબ્બાની, વગેરે માગણીઓ રજૂ કરવા નાલાસોપારા ખાતે રવિવાર ૧૫ મે ના પ્રવાસી પરિષદ આયોજીત કરવામાં આવેલ છે. આ મુજબની માહિતી પરિષદના અધ્યક્ષ માજી રેલ્વે રાજય પ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈકે બુધાવરે પત્રકાર પરિષદ માં આપી હતી.

પરિષદ બાબતે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈક બોલ્યા હતા કે, " વાજપેયી સરકાર ના કાર્ય કાળમાં રેલ્વે રાજય પ્રધાન તરીકે કામ કરતા મુંબઈ રેલ્વે વિકાસ પ્રાધિકરણ ની (એમઆરવ્હીસી) સ્થાપના કરી રૂ. ૩,૧૨૫ કરોડ નો જુદો પ્રકલ્પ મંજૂર કરવામાં આવ્યો. આ સર્વ પ્રકલ્પ ૨૦૦૭ પહેલાં પૂર્ણ કરવાના હતા. પરંતુ વડાપ્રધાન મનમોહન સિંહ ના પહેલા પ્રધાનમંડળમાંના રેલ્વેપ્રધાન શ્રી લાલૂપ્રસાદ યાદવ અને હાલના પ્રધાનમંડળમાં ના રેલ્વે પ્રધાન શ્રીમતી મમતા બૅનર્જી એ મુંબઈ તરફ દુર્લક્ષ સેવ્યું, પરિણામે તે પ્રકલ્પોનો સુધારિત ખર્ચ રૂ.૧,૩૭૬ કરોડ વધ્યો હોઈ તે હવે રૂ. ૪,૫૦૧ કરોડ પર પહોંચ્યો છે. તેમજ ચાર વર્ષ વધુ વહી ગયા હોવા છતાંયે તેમાંના અમુક મહત્વના કાર્યો હજુયે થવાના બાકી છે."

"લાસરિયાપણું અને વધારનો ખર્ચ ની સાથે સાથે સંતાપજનક પરિસ્થિતી એ છે કે આનો સૌથી વધુ ફટકો દહાણુ - વિરાર - બોરીવલી પટ્ટાના મુસાફરો ને પડે છે. દહાનુ - ચર્ચગેટ સીધી લોકલ શરૂ કરવા માટે વિરાર - દહાણુ રેલ્વે માર્ગ ને પહોળો કરવાનો ખર્ચ રૂ. ૨૯ કરોડ પરથી રૂ. ૫૦ કરોડ એટલે કે રૂ.૨૧ કરોડ વધુ થશે, અને વિરાર કારશેડ અને યાર્ડ નો ખર્ચ રૂ. ૭૩ કરોડ પરથી ૨૨૬ કરોડ એટલે કે રૂ. ૧૫૩ કરોડ વધુ થશે. વિરાર - દહાણુ માર્ગનું પહોળાઈ નું કામ પૂર્ણ થયું હોવાથી દહાણૂ - ચર્ચગેટ લોકલ વિના વિલંબે શરૂ કરવામાં આવે એવી માગણી કરવા માટે રેલ્વે બોર્ડ ના અધ્યક્ષ શ્રી વિવેક સહાય સાથે ૧૮ માર્ચ ના દિલ્હી ખાતે અને પશ્ચિમ રેલ્વે મહાવ્યવસ્થાપક શ્રી કુલભૂષણ સાથે ૧૦ એપ્રિલ ના મળી પ્રત્યક્ષ ચર્ચા કરી. આ બંન્ને અધિકારીઓ ને મુસાફરો ની ધિરજ ખૂટી ગઈ હોવાનું જાણ કરી હતી. છતાંયે દહાણુ - ચર્ચગેટ ગાડી કયારે શરૂ થશે તેની નિશ્ચિત તારીખ તેઓ જણાવી શકયા ન હતા. આવીજ ઉપેક્ષા બોરીવલી -વિરાર ગાડીઓ બાબતે તાજેતરમાં કરવામાં આવી છે. ૧૪ એપ્રિલથી ચર્ચગેટ - બોરીવલી, ચર્ચગેટ - અંધેરી, ચર્ચગેટ - બાંદ્રા આમ ૧૦૬ ફેરીઓ વધારવામાં આવી છે. પરંતુ ચર્ચગેટ - ભાયંદર, અથવા ચર્ચગેટ - વિરાર આમ એક પણ નવી ફેરી શરૂ કરવામાં આવી નથી. બોરીવલી - વિરાર - દહાણૂ ક્ષેત્રના મુસાફરો ના જખમો પર મીઠું ભભરાવવાની આ એક રીત છે," તેમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

આ સિવાય દહાણુ - પનવેલ , દહાણુ - થાણા જેવી નવી ગાડીઓ શરૂ કરવી, પૂર્વ પશ્ચિમ ને જોડનારો વિરાર નો ફ્લાયઓવર બાંધવામાં થઈ રહેલું લાસરિયાપણું મૂકી તે વહેલી તકે પૂર્ણ કરવો, નાયગાંવ - સફાળા - વાણગાંવ ખાતે ફ્લાયઓવર મંજૂર કરવો, મીરા - ભાયંદર થી દહાણૂ સૂધીના બધાજ સ્ટેશનો પર સ્વચ્છ પ્રસાધનગૃહો, પીવાનું પાણી, પ્લૅટફૉર્મ ની ઉંચાઈ વધારવી, પ્લૅટફૉર્મ પર સંપૂર્ણ છત બાંધવી, વધુ ટિકિટબારીઓ શરૂ કરવી જેવી સગવડો ની યે ગરજ હોવાનું શ્રી રામ નાઈકે કહ્યું હતું.

ઉપરની સમસ્યાઓ ને ધ્યાનમાં રાખી તેના નિરાકરણ બાબતે પ્રવાસી પરિષદ નું આયોજન કરવામાં આવી રહી હોવાથી મુસાફરોએ બહોળી સંખ્યામાં સહભાગી થઈ પરિષદ ને સફળ કરવી તેવું આવાહ્ન કરી શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "ઠરાવના માધ્યમથી મુસાફરોની સનદ (Charter of Demands) તૈયાર કરી આગલની દિશા નકકિ કરવામાં આવશે. તેમાટે મુસાફરોને સૂચના પણ આપવી તેવી વિનંતી છે."

પ્રવાસી પરિષદ રવિવાર ૧૫ મેના સાંજે ૫.૦૦ વાગ્યે નાલાસોપારા પશ્ચિમ ખાતે બસ ડેપો ની બાજૂના મેદાનમાં થશે. પરિષદનું ઉદ્‌ઘાટન હાલના ધારાસભ્ય અને દહાણૂના માજી સાંસદ ઍડ. ચિંતામણ વનગા કરશે જયારે કે મુખ્ય મહેમાન તરીકે શ્રી વિષ્ણુ સાવરા, ધારાસભ્ય શ્રી સંજય કેળકર અને સૌ.મનીષા ચૌધરી ઉપસ્થિત રહેનાર છે. પરિષદના નિમંત્રકો છે : સર્વશ્રી ભાવિક સોરઠી (દહાણૂ), મધૂકર પાટીલ (બોઈસર), મિઠાલાલ જૈન (પાલઘર), રઘુનાથ પાટીલ (સફાળા), અમોલ પિંપળે (વિરાર), શેખર ધૂરી (વસઈ રોડ), રાજન નાઈક (નાલાસોપારા), કેદારનાથ મ્હાત્રે (નાયગાંવ), નરેંદ્ર મહેતા અને હેમંત મ્હાત્રે (મીરા - ભાયંદર), અને બાબાજી કાઠોળે (થાણા ગ્રમીણ). પરિષદના કાર્યાલય નું સરનામું : શ્રી રાજન નાઈક, નગરસેવક, ચંદ્રેશ ગૌરવ, એસ.ટી ડેપો ની સામે, નાલાસોપારા રેલ્વે સ્ટેશનન (પશ્ચિમ) મોબાઈલ : ૯૨૨૫૧૪૭૩૩૫

**( કાર્યાલય સચિવ )**